

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૪, જુલાઈ–૨૦૨૫, રૂા. ૫.૦૦/–

દિનાંક ૨૪ થી ૨૭ મે ૨૦૨૫ દરમિયાન ભુજ કન્યા વિદ્યા મંદિરમાં ૨૦ મી શ્રી ઘનશ્યામ બાલ સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજી

# શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણ સરોવર મધ્યે



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

**પ્રારંભ : તા. ૧૦-૦૮-૨૦૨૫, રવિવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠાઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**પૂર્ણાહુતિઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**:: સ્થળ ::**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવર**

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૫ જુલાઈ-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૪

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૯ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૭ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

• અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

વિશ્વમાં એવું દેખાયા ને લખાયા કરે છે કે, પશ્ચિમના દેશો ભારતીય સભ્યતા, સંસ્કૃતિ, ખાન-પાન, રહન-સહનને જીવનોપયોગી વ્યવસ્થા તરફ ઢળી રહ્યા છે. અને ભારતીય લોકો અંગ્રેજી ભાષાના ચાહક, પહેરવા-ઓઢવાના આદી ને અનેક સ્તરે છૂટમછૂટ વાળા થતા જાય છે. જ્યાં આધુનિક વિજ્ઞાન નથી ત્યાં ખોટ અને જ્યાં છે ત્યાં તેની ઓટ દેખાય છે.

આજે ભારતભરમાં બ્લડપ્રેસર, ડાયાબિટીશ, ઘુંટણના દુ:ખાવા ને હૃદયરોગ તથા કેન્સરના ઘેર ઘેર બેસણા છે. હૃદયનું કામ છે 'ધબકવું' ને શરીરમાં ભ્રમણ કરતા લોહીમાં જે બગાડ હોય તેને શુદ્ધ કરતું આ હૃદયનું આયુષ્ય શરીર વિજ્ઞાનના કહેવા પ્રમાણે ૧૨૫ વર્ષનું હોય છે.પરંતુ આજે યુવાવસ્થાવાનો પણ ડાન્સ કરતા, ગરબીમાં દાંડીયે રમતા, જીમમાં કસરત કરતાં ધડામ કરતા ઢળી પડે છે ! તેથી અકાળે મૃત્યુથી સમાજ ગ્રસ્ત ને ત્રસ્ત થતો જાય છે. જો સમયસર તેની સારવાર થાય તો દર્દીને બચાવી પણ શકાય છે.

હૃદયની ચાર કોરોનરી નાડીઓને બદલી શકાય, તેની એન્જિયોગ્રાફી પણ કરી શકાય ને તેમાં ગરબડ થતા ધબકારાને ફરી પાછા નિયમિત કરવા તેમાં 'સ્ટેન્ટ' નામનું એક નાનકડું સાધન બેસાડીએ તો દર્દી ઘણું વધુ જીવી પણ જાય.

માનવ એક સામાજિક પ્રાણી છે, અને સમાજમાં જીવવા તેને પ્રભુએ સંપૂર્ણ શરીર ને તેના રોજિંદા સાંસારિક વ્યવહારો ચલાવવા કામ, ક્રોધ, લોભ, મદ, મોહ ને મસ્તર પણ આપ્યા છે જે બધાનો ઉપયોગ તેણે આપસી વ્યવહારોમાં નિતી, નિયમો, ધર્મ, પ્રેમ, સૌ જીવો પ્રત્યે દયા, લાગણી રાખીને જીવવાનું છે. જ્યારે તેમાં ઉથલપાથલ ને અજ્ઞાનિકતા પ્રવેશ કરી જાય ત્યારે ઉપર લખ્યા રોગોનો તે શિકાર પણ બની જાય છે. હૃદય બે પ્રકારના છે. એક મજ્જાનો સ્નાયુવાળું જે ધબકે છે, અને બીજું સૂક્ષ્મ કે અદષ્ય જેમાં આત્મા બિરાજમાન રહી તેનું સમગ્ર જીવન ચલાવવાની શક્તિ તેને મૃત્યુ પર્યંત આપે છે.

અદષ્ય હૃદય કોઈને દશ્યમાન નથી પરંતુ ધબકારા મારતું હૃદયમાં 'સ્ટેન્ટ' જોડી શકાય. આ હાર્ટએટેક આવે જ નહિ ને તેની શક્યતા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ને ષડરિપુઓ પર જો આધ્યાત્મિક જીવનને જીવીને સદાય સ્વસ્થ રહેતા હોય તેમને સલામતિ મળે પણ ખરી. માટે પ્રત્યેક સત્સંગીને સ્ટેન્ટની જરૂર છે.

શ્રીસહજાનંદ સ્વામીએ આ ગંભીરતાને ધ્યાનમાં લઈને જ રોજિંદા જીવનના નિતી-નિયમો, પ્રાતઃપૂજા, સાંજ-સવાર મંદિર દર્શન, વ્યવહાર તથા સામાજિક અને આધ્યાત્મિક સંપર્કમાં જ સદાસર્વદા રહેવા વચનામૃતોનું પાન કરાવ્યું છે. ને શિક્ષાપત્રીનું જ્ઞાન આપ્યું છે. ને ષડક્ષરી મંત્રોચ્ચારવાળી માળા, મંત્રજાપ કરનારની રક્ષા પણ ભગવાન કરે છે.

# શિક્ષાપત્રી શ્લોક - ૯૨

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' ભુજ




**વેદાશ્ચ વ્યાસસૂત્રાણિ શ્રીમદ્‌ભાગવતાભિધમ્ ।**
**પુરાણં ભારતે તુ શ્રીવિષ્ણોર્નામસહસ્રકમ્ ॥**

શિક્ષાપત્રીમાં શ્લોકઃ ૯૩, ૯૪ ને ૯૫ ત્રણેયમાં શ્રીજીમહારાજે અત્રે આઠ સચ્છાસ્ત્રો એમણે ઈષ્ટ કહેલા છે.

ત્રણેય શ્લોકોનું એકત્રીત સંકલન આ પ્રમાણે છે. ચાર વેદ, વ્યાસસૂત્રો, શ્રીમદ્‌ભાગવત નામનું પુરાણ, મહાભારતને વિશે રહેલું શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, વિદુરજીએ કહેલી જે ની'તિ, સ્કંદપુરાણના વિષ્ણુંખંડમાં રહેલું વાસુદેવ મહાત્મ્ય અને ધર્મશાસ્ત્રોની અંતર્ગત એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્રો શ્રીજીમહારાજે સર્વાધિષ્ઠ માનેલાં છે.

**"શ્રીજીને પ્રિય અષ્ટ સચ્છાસ્ત્રો, સર્વ સંકળાયેલા ધર્માન્તર્ગત;**
**જીવ, માયા, ઇશ્વર ત્રિસ્વરૂપે, દિશાંકિત કરે આધ્યાત્મિક પંથે."**

જે શાસ્ત્રો ભગવાન અને ભગવાનના અવતારોનું સાકારપણું પ્રતિપાદન કરતાં હોય, અન જીવ તથા ભગવાનની અંદર શેષશેષીભાવનું અર્થાત સેવક અને સ્વામીભાવનું સ્થાપન કરતા હોય અનો વળી માયા તથા ઈશ્વરની અંદર શેષશેષીભાવનું પ્રતિપાદન કરતાં હોય, આવાં જે શાસ્ત્રો હોય તેને સચ્છાત્રો કહેવામાં આવે છે. જરા ધ્યાનથી વાંચજો આવાં સચ્છાત્રો પણ અનેક છે. તેમાંથી શ્રીજીમહારાજે આપણી અનુકુળતાને માટે આઠ સચ્છાત્રોનો નિશ્ચય કરીને આપણાં નિત્ય અભ્યાસને માટે પસંદ કર્યા છે. એ આઠ સચ્છાત્રોમાં જે વેદ છે, તેની ગણના શ્રીજીમહારાજે પહેલી કરી છે. કારણ કે, એ વેદ આપણી સંસ્કૃતિનું મૂળ છે. અને જેને આપણે સનાતન ધર્મ કહીએ છીએ, તેનું પણ મૂળ વેદ છે. અને તમામ જે સચ્છાત્રો છે તેનું પણ મૂળ વેદ છે.

અત્રે સ્વયંભૂપણે જરા વિચારીયે કે, આપણી છેલ્લી પાંચ-દશ પેઢી અને આજની અતિ ખર્ચાળ શૈક્ષણિક શાળાઓ, અને તેમાં પણ અંગ્રેજી શાળાઓમાં 'વેદ' કેટલા ભણતા હશે, અને 'બાઈબલ'ની તો બોલબાલા છે. આના માટે ધન્યવાદ(!) તો જશે આપણી સદીઓની ગુલામીને જ ને..!? આપણને ભગવાને મન, બુદ્ધિ, ચિત્ત જ આપીને તેમનાથી સ્વતંત્ર કર્યા છે, અને આ ત્રિશક્તિથી જ આપણા અહંકાર પર કાબૂ રાખી, આપણું ને આપણા પરિવાર કે સમગ્ર સનાતન ધર્મનું સદાય ઈષ્ટ જ કર્તવ્ય કરીએ.

★ વેદ એટલે શું ..? :- સામાન્યપણે વેદનો અર્થ થાય છે જ્ઞાન. સાક્ષાત પુરુષોત્તમનારાયણ થકી બ્રહ્માને જે જ્ઞાન થયું તે જ વેદ કહેવાયું. શ્રીવ્યાસ ભગવાને પોતાના ચાર પુત્રોને વૈદિક શ્રવણ દ્વારા જૈમિનિને ઋગ્વેદ, સુમન્તુને યજુર્વેદ, પૈલને સામવેદ અને અથર્વને અથર્વવેદ કહ્યા. આ બધાય કાળાક્રમે સારા પ્રમાણમાં લૂપ્ત પણ થયા છે.

★બીજું શાસ્ત્ર છે વ્યાસસૂત્રો. વેદો તથા ઉપનિષદોનું તાત્પર્ય સમજાવવા માટે વ્યાસમુનિએ રચેલાં સૂત્રો, તેને જ વ્યાસસૂત્રો કહેવાય છે.

★ શ્રીમદ્‌ભાગવત નામનું પુરાણ એ ત્રીજું શાસ્ત્ર છે. આ શ્રીમદ્‌ભાગવત નામનું પુરાણ શ્રીજીમહારાજને અતિપ્રિય હતું. પ્રતિદિન નિત્યાનંદ સ્વામી અથવા તો પ્રાગજી પુરાણી પાસેથી




દાદાખાચરના દરબારમાં કથા કરાવતા, ને સાંભળતા. પુરાણો અનેક છે, પણ શાંતિ આપનાર જો કોઈ પુરાણ હોય તો શ્રીમદ્‌ભાગવત પુરાણ જ છે.

★શ્રીમહાભારતમાં રહેલું, ભગવાનના એક હજાર નામવાળું વિષ્ણુસહસ્રનામ ચોથું સચ્છાસ્ત્ર છે

★વળી મહાભારતમાં ભિષ્મપર્વમાં પ્રસિદ્ધ અઢાર અધ્યાયવાળી, જે ભગવદ્‌ગીતા પાંચમું સચ્છાસ્ત્ર છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને જે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપેલો છે, એ ઉપદેશનું નિરૂપણ આ ભગવદ્‌ગીતાની અંદર વ્યાસ ભગવાને કરેલું છે. તેથી આ ભગવદ્‌ગીતાને આધ્યત્મશાસ્ત્ર પણ કહેવાંમાં આવે છે.

★મહાભારતમાં ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્ર પ્રત્યે વિદુરજીએ કહેલી નવ અધ્યાયવાળી જે નીતિ છે એ છઠ્ઠુ સચ્છાસ્ત્ર છે. પ્રજ્ઞાચક્ષુ અને બુદ્ધિહિન ધૃતરાષ્ટ્રન સદ્‌માર્ગ બતાવેલ છે.

★સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલું અને નારાયણ ભગવાનો નારદમુનિ પ્રત્યે કહેલું જે વાસુદેવમાહાત્મ્ય સાતમું સચ્છાસ્ત્ર છે. ભગવાનને પામવાના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સાધનોનું યથાર્થ નિરૂપણ જેવું આ વાસુદેવમાહાત્મ્યની અંદર થયું છે, તેવું બીજા શાસ્ત્રોમાં થયું નથી.

★વળી ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી જે યાજ્ઞવલ્કયઋષિની સ્મૃતિ એ આઠમું સચ્છાસ્ત્ર છે. યાજ્ઞવલ્કયઋષિએ રચેલી બીજી યોગસ્મૃતિ છે એ અહીં ન લેવાઈ જાય તેના માટે ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી આવું સ્મૃતિનું વિશેષણ આપેલું છે.

આ આઠ સચ્છાસ્ત્રો ઈશ્વરના સ્વરૂપનું સત્યપણું પ્રતિપાદન કરનારાં છે. માટે તેમને સચ્છાસ્ત્રો કહેવામાં આવે છે. આ સચ્છાસ્ત્રો સર્વ પ્રકારે જીવનું હિત કરનારાં છે તેથી શ્રીજીમહારાજ કહે છે કે, એ અમોને પ્રિય છે. આવો શ્રીસહજાનંદ સ્વામી મહારાજનો આ ત્રિશ્લોકો દરમિયાન ભગવાન ક્યાં છે, કોણ છે, શું કરે છે ? ને છે જ નહિ, માનનારાઓ જરા શ્રીજીમહારાજે સ્વયં વદેલ ને લખાવેલ શિક્ષાપત્રીને વાંચો તો ખરા...! જો શિક્ષાપત્રી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ને સોંસરા હલબલાવે છે તો....

**“માનવ માત્ર કો સચ્છાસ્ત્ર સમજા કે,**
**શ્રીજીમહારાજને ભરપુર પ્યાર કિયા;**
**શિક્ષાપત્રી ગાન કરકે સનાતન કા,**
**સૂક્ષ્માતિસૂક્ષ્મ દાન દિયા. ”**

## સત્કર્મ

- રમણ ગજ્જર -ભુજ

કોણ જાણે આજકાલ લોકો કીર્તિ, પ્રસિદ્ધિ, ખ્યાતિની પાછળ આદુ ખાઈને પડી ગયા છે. પણ તેમને ખબર નથી કે કીર્તિ એ એક એવી ભૂખ છે, તરસ છે કે, ક્યારેય પૂરી થતી નથી. અને પછી તે મેળવવા નાના મોટા હોદા લેતો હોય છે. પછી તેને ટકાવી રાખવા માટે પ્રપંચ ખેલતા હોય છે. અને સમાજને ભારરૂપ બનતા હોય છે.

કીર્તિની કામના માટે કરેલી સેવા લેખે લાગતી નથી અને પ્રસિદ્ધિનો નશો તો દારૂના નશા કરતાં પણ ખતરનાક છે. કદાચ મહેનત કરવાથી દારૂના વ્યસનમાંથી મુક્ત થઈ શકાય છે પણ કીર્તિના વ્યસનમાંથી છૂટવું ખૂબજ કઠિન છે.

કીર્તિની ટોચ પર બેઠેલા માણસ બીજાઓને ભૂલી જાય છે. પણ તે ઉચિત નથી. જેના સાથ-સહકારથી પ્રગતિની ટોચ પર જઈએ એવા નાના માણસોને આજીવન યાદ કરવા જોઈએ. અને

સમય આવે ત્યારે તેમને મદદરૂપ થવું જોઈએ.

આપણું જીવનકાર્ય જ એનું હોવું જોઈએ કે, પ્રતિદ્વન્દી પણ આપણી પ્રસંશા કરે. આપણું કીર્તિગાન કરે. માથું મૂકીને સેવાકાર્યો કરનારને જનતા જનાર્દન દાયકાઓ-સૈકાઓ સુધી યાદ કરે છે. કરેલું સત્કર્મ એળે જતું નથી.

કીર્તિ કોને નથી ગમતી ? અરે ! મને, તમને, આપણને બધાને ગમે છે. કે ભાઈ, મારો છાપા-ટી.વી.માં ફોટા આવે, નામ આવે, મારા કામની મીઠી સુવાસના લખાણ આવે પણ આ બધું કંઈ એમને એમ મળતું નથી. પુત્રની સસ્મિતભર્યું મુખ જોવા માટે માતાને પણ ઊદરમાં તેનો નવમાસ સુધી ભાર લઈને ફરવું પડે છે તે તો આપ સૌ જાણો છો.

ભલે કદાચ આપણને કીર્તિ ન મળે તો ચાલશે પણ આપણી અપકીર્તિ ન થાય તેની સભાનતા તો જીવનપર્યંત રાખવી જ જોઈએ. કારણ કે, શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં નોંધે છે કે ‘‘પ્રતિષ્ઠિત પુરુષને માટે અપકીર્તિ મૃત્યુ કરતાં પણ વધારે કલંકરૂપ છે.’’ માટે આપણે પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિને પ્રાર્થના કરીએ કે, ‘‘હે દિનબંધુ ! કીર્તિ મેળવવા માટે કદાચ જો ઘણાં સારા કામો મારાથી થાય કે ન થાય, પણ અપકીર્તિ મળે એવું એક પણ ખરાબ કામ મારાથી ન થાય તેવી દિવ્ય બુદ્ધિ, બળ, શક્તિ અને ભક્તિ મને આપજો.’’

અંતઃકરણપૂર્વક કરેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી. પ્રાર્થના કરવી તે સેવકની ફરજ છે.

જય શ્રીસ્વામિનારાયણ

# ન જોઇ જાત કુજાત પુરુષોત્તમ પ્રગટી રે

- મહાદેવ ધોરિયાણી

સહજ-આનંદના સંદેશક શ્રીસહજાનંદ સ્વામીએ એકજ ધર્મના ઝંડા નીચે હિન્દુ, મુસ્લિમ, જૈન, પારસી એવા કોઈપણ જાતના ભેદભાવ વગર સૌ કોઈને સંપ્રદાયમાં આવકાર્યા છે. સુરતના અરદેશરજી કોટવાલ, પીલ્લુ સાહેબ વગેરે પારસી ભક્તોને મહારાજનો દૃઢ નિશ્ચય થયો હતો.પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે કૃપા કરીને ભેટ આપેલ ‘પાઘ’ આજે પણ તેમના વંશજો ભક્તિભાવપૂર્વક મહિમાથી સાચવી રહ્યા છે. દર વર્ષે ભાઈબીજના પરમ પવિત્ર દિવસે પાઘના દર્શન કરવા માટે ‘શ્રીજીમહારાજની પ્રસાદી’નો મહિમા સમજીને સુરતમાં માનવ મહેરામણ અને ભાવિક ભક્તોની ભીડ નાત-જાતના ભેદભાવ વગર જાયે છે.

વળી મુસલમાનો પણ શ્રીજીમહારાજના આશ્રિત થયેલા હતા. શ્રીહરિના હજૂરી પાર્ષદની સેવામાં નિર્માની ભક્ત મીયાંજી રહેલા હતા. વડોદરા સરકારના જાગીરદાર મીર સાહેબનો અનિદ્રાનો રોગ શ્રીજીમહારાજની કૃપાથી દૂર થયો હતો. તેથી તેઓ મહારાજના અનન્ય અનુયાયી બની ગયા હતા. તદુપરાંત ડોસાભાઈ તો નિરાવરણ દૃષ્ટિવાળા પરમ એકાંતિક ભક્ત હતા. કેસર મીયાં, આલસી ઘાંચી, રાજાભાઈ પીંજારા, વલીભાઈ વોરા વગેરે અનેક મુસ્લમિ ભક્તો શ્રીસહજાનંદ સ્વામીના અનન્ય શિષ્યો બની ગયા હતા. એટલુંજ નહિં પણ અનેક મુસ્લિમ ભક્તો સ્વામિનારાયણનું ભજન કરતા હતા.

એક વખત સભામાં સિંધ પ્રદેશમાં સત્સંગનો પ્રચાર-પ્રસાર કરવાનો પ્રસ્તાવ મહારાજે મૂક્યો, પરંતુ ત્યાં જવા માટે કોઈ તૈયારી દાખવી નહિ, પણ શેખ મીયાંએ બીડું ઝડપ્યું. મહારાજ ! હું જાઉં તો ખરો, પણ ચમત્કાર વગર કોઈ નમસ્કાર ન કરે. મને કંઈક ઐશ્વર્યનું યોગદાન કરો તો જ સત્સંગનો પ્રચાર થાય. શ્રીજીમહારાજ મરક મરક

હસતાં કહ્યું કે, તમારી દાઢી સામે જે અનિમેષ નેત્રે એકીટશે જોશે તેને સમાધી થશે અને તમે બીજાના અંતરની વાત જાણી શકશો. પણ તમે કિંમતી વસ્ત્રાભૂષણ પહેરશો નહિ, કોઈના ઘેર પધરામણીએ કે જમવા જશો નહિં, સ્ત્રીઓના સમુદાયમાં વાત કરશો નહિ અને મલેચ્છ કે મલીન લોકોના સંસર્ગમાં રહેશો નહિં.

શેખ મીયાં તો ઐશ્વર્યના પ્રતાપે સિંધ પ્રદેશમાં વંદનીય અને પૂજનીય બની ગયા, પરંતુ શ્રીજીમહારાજની નિષેધાત્મક આજ્ઞાઓની અવગણના કરી. આથી એમનું ઐશ્વર્ય શ્રીજીમહારાજે પાછું ખેંચી લીધું. શેખ મીયાં સત્વરે માનનો દોષ ટાળવા , પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા અને માફી માંગવા ગઢપુર આવ્યા અને શ્રીજીમહારાજની આજ્ઞાથી માણકી ઘોડીની લાદ ઉપાડવા, અન્ય સેવા વગેરે કાર્યમાં રત રહેવા લાગ્યા અને એક આદર્શ ભક્ત તરીકે જીવન વ્યતિત કર્યું.

આ રીતે અનેક કોળી ભક્તોને પણ ભગવાન સ્વામિનારાયણે આશ્રિત કર્યા હતા. લોયાના ઘેલાભાઈમાં મહારાજે ઉચ્ચ સમજણ પ્રેરી હતી. એક વખત દુષ્કાળ દરમિયાન આ કોળી દંપતિ ધંધાની શોધમાં જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં કોઈકનું સોનાનું આભૂષણ પડેલું હતું. આ સોનાના આભૂષણ પર ઘેલાભક્તની દૃષ્ટિ પડતા પાછળ આવી રહેલ પોતાની પત્નીનું મન લલચાઈ ન જાય તેથી તેના ઉપર ધૂળ વાળી દીધી. પત્ની પરિસ્થિતને પામી ગઈ. તેણે પોતાના પતિને કહ્યું કે, “તમે તો સોનાને સોના તરીકે જોયું પણ એ તો મારે મન ધૂળ સમાન છે.” ધૂળના ઉપર ધૂળ ઢાંકવાની કાંઈ જરૂર નથી. તત્કાલિન સમાજની આવી અભણ અને પછાત વર્ગની સ્ત્રીઓમાં પણ આવી ઊંડી સમજણ આવે એ ખરેખર આશ્ચર્યનજક કહેવાય.

શ્રીસહજાનંદ સ્વામીએ હરિજનોને પોતાના સંપ્રદાયમાં સ્થાન આપીને તેમનામાં આચાર-વિચારનું સિંચન કર્યું હતું. શ્રીજીમહારાજે તેમનાં જીવનમાં અમૂલ્ય પરિવર્તન લાવી દીધું હતું. ‘છાણી ગામ’ના ઘણા હરિજનો શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય બનીને પોતાના પોતાના વિસ્તારમાં મંદિર બંધાવીને આજદિવસ સુધી પૂજા-પાઠ, ભજન-ભક્તિ કરે છે. છાણી, અટલાદરા વગેરે અનેક ગામોના હરિજન સત્સંગીઓનાં નામ તથા કોળી, વાઘરી વગેરે ભક્તજનોનાં નામ ‘ભક્તચિંતામણી’માં આપણે વાંચીએ છીએ. તથા ખોજા કોમમાં પણ સત્સંગનો સારો ફેલાવો થયો હતો. લાધા ઠક્કર, હરજી ઠક્કર વગેરે અનેક ભક્તજનોનાં નામ નોંધાયેલા છે.

આ રીતે આ અવતારમાં ભગવાને અનેક જ્ઞાતિઓને અપનાવી પોતાના આશ્રિત કર્યા હતા. કારણ કે દરેક જીવાત્માના ઉદ્ધાર કરવા શ્રીસહજાનંદ સ્વામી પધાર્યા હતા. આ રીતે કોઈપણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર, કાંઈપણ જોયા વગર સર્વે જીવાત્માના આત્યંતિક કલ્યાણનો કોલ આપવાની જ તમન્ના રાખી હતી. આથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથમાં લખ્યું છે કે,

“કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ; ન જોઈ જાત-કુજાતપુરુષોત્તમ પ્રગટી રે.”

“अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम्।”

અનેક જન્મોને બદલે કૃપા કરીને આજ ‘છેલ્લો જન્મ’ કરાવી અનેક જીવાત્માનો શ્રીજીમહારાજે અભયદાન આપ્યું છે.

“અભયદાન અધિક સહુથી, એની બરોબર બીજું નથી; તે તો દાન તમથી દેવાય, તમને નિરખે તે નિર્ભય થાય.”

ભક્તચિંતામણી પ્રકરણ-૬૬

# દુ:ખ શા માટે ?

દુ:ખના આ મહાસાગરમાં ક્યારે ભરતી-ઓટ આવે છે તેની કોઈને કાંઈપણ ખબર નથી હોતી. દુ:ખના દરિયામાં માનવજાત વિકટ પરિસ્થિતિમાં ફસાઈ જાય છે. જેનાથી અસહ્ય પીડા વેઠવી પડે છે. અને માનવી બિચારો લાચાર, સ્મૃતિહીન, દુગ્મૂઢ બની હેરાન-પરેશાન થઈ જાય છે. અને બસ આ લાચાર માનવીને ચોતરફ શું વિચારવું તે કાંઈજ સુજતું નથી. અને ક્યારે શું થઈ જશે એના વિચારે ચકળોની માફક ફર્યા કરે છે. આખરે માનવી આપત્તિમાં સપડાઈ જાય છે. અને ભાવીની ચિંતામાં ને ચિંતામાં સ્મશાનની ચિતાની જેમ મનમાં ને મનમાં એકલો મુંઝાયા કરે છે. મૃગની જેમ ફફળ્યા કરે છે.

આમ સામાન્યત; દુ:ખ એ પણ એક દુર્લભ બાબત જ ગણાય, પરંતુ જેના ભાગ્યમાં જેટલું લખ્યું હોય તેટલું તો એના ભાગ્યમાં આવે જ છે. પણ તેના વિરુદ્ધ કાં થતું નથી. જ્યારે પણ કાંઈ કેટલાયે કમનસીબ માનવી દુ:ખની સ્થિતિમાં ઝડપાયા છે ત્યારે દુ:ખ વિરોધી પેલાં સુખી દુ:ખી માનવીને ઊભોને ઊભો કાગળની જેમ સળગાવી દેતા જણાય છે.

પણ શાને આવું થાય છે એ કાંઈ સમજાતું નથી. મનમાં મહેરામણના રંગીન સ્વપ્ન પણ જોઈ શકાતા નથી. આમ તો દુ:ખ જ બધા દર્દોનું ભાગીદાર છે. એમ કહેવાય છે. પરંતુ હા...જો પ્રથમ દુ:ખ તો પાછળ સુખ પ્રાપ્ત થાય છે. પણ આ દુ:ખ નામના ભયંકર શબ્દે તો ભારે માઝા મૂકી છે. જેનાથી મોંઘો, માનીતો, મનસ્વી એ માનવદેહ અટવાઈ પડ્યો છે. અને ઘણીવાર હૃદયરોગના હુમલાનો ભોગ બને છે.

સુખ-દુ:ખ, રાત-દિવસ, આજ-કાલ, સ્ત્રી-પુરુષ અને હું-તું એમ દ્વિઅર્થી શબ્દો જ માનવીના સાથી પણ છે અને દુશ્મન પણ થયા છે. ખરેખર માનવી બિચારો આધુનિક પ્રવર્તમાન યુગમાં શું કરશે ? એજ સમજવા લાયક એક પ્રશ્ન પેદા થયો છે.દરેક લોકો પોતાના ભાવિની ભીતર માટે સુખ અને દુ:ખને જ ભાગીદાર ગણે છે.

દુ:ખને સહન કરવા માટે દૃઢ મનનો લાગણીશીલ અને હૃદયસ્પર્શી મહેરામણ છલકાતો હોવો જોઈએ. દુ:ખ એ કુદરતે સર્જેલું સંભારણું છે. જેને મીઠાસથી માણી ખટરાશ પેદા ન કરી સરસ અને સરળતાથી દૂર કરવા સતત દૂર કરવા એના માટે પરિશ્રમ કરવો જોઈએ. દુ:ખને દૂર કરી માનવી સુખી બની શકે છે. દુ:ખના દરિયામાં પ્રત્યેક માનવીએ ગભરાયા વિના પોતાનાથી જે કંઈ બને તે કામ હસમુખાભાવે ભાવિક બનીને કરવું જોઈએ. ખરેખર દુ:ખથી ડરીને દૂર ભાગવું, નિષ્ક્રિય બની જવું એ એક કાયરતાની નિશાની છે. અને દુ:ખનો ઉપાય શોધવા મનને સજાગ કરી ચાતક પક્ષીની જેમ ઉત્સુક રહેવું એ જ શ્રેષ્ઠતા છે.

દુ:ખની દાસ્તાન ખૂબજ દર્દભરી અને લાગણીભરી હોય છે. અને શક્ય એટલો દુ:ખને દૂર કરવા યત્ન કરવો ને ભાવિની ચિંતા છોડી 'સમય વર્તે સાવધાન' ની નિતિ રાખી જે મળે તેમાં સંતોષ માણવો. ને જે કાંઈ છે તે જ મારી સર્વસ્વ મૂડી છે. તેમ સમજી આજના જમાનામાં ચાલવું જોઈએ.

આજ નહિ તો કાલ દૂર થાશે પણ નિષ્ફળતા ને દૂર કરી સફળતાને ઝંખવા મંઝીલ સુખરૂપી પ્રાપ્ત કરવા ભગવાનની ભક્તિ કરવી અને પરિશ્રમ કરવો એ જ સત્ય અને સો ટકા સાચી વાત છે.

- પ્રીતિ કરસનભાઈ પોકાર -ઘડાણી- હાલે ભાલેજ

# સત્સંગ સમાચાર - દેશ

## લેર ગામે ૧૧૦૦ નંદી સમાવતી 'નારાયણ નંદી શાળા' નું પૂ. સંતોના શુભ હસ્તે ઉદ્ઘાટન થયું.

નંદી શાળાના ઉદ્ઘાટન નિમિત્તે ત્રી દિવસીય ગો સેવા સંગમમાં ગો કથા સાથે ગોવંશ વિષયના અનેક નિષ્ણાંત વક્તાઓનાં વક્તવ્યો યોજાયાં.

આ આયોજનનું દીપ પ્રાગટ્ય કચ્છના અનેક પૂ. સંતોના શુભ હસ્તે થયેલ જેમાં શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજના ઉપ મહંત પૂ. સ. ગુ. સ્વામી

ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજીભગત સ. ગુ. સ્વામી શ્રીહરિદાસજી સહિત અન્ય સંતોની વિશેષ ઉપસ્થિતિ રહેલ હતી.ગામ માધાપર અને હાલે ટાન્ઝાનીયા નિવાસી ગોપ્રેમી શ્રી ગિરધરભાઈ પીંડોરીયા અને ગોરસીયા સેવા ફાઉન્ડેશન- બળદીયા



સંચાલિત આ નંદી શાળામાં રસ્તે રખડતા અને રઝળતા છોડી દેવાતા બીચારા બનીને હડધૂત થતા નંદીઓને સાચવીને ચાર્યપુળાની દ્રષ્ટિએ યોગ્ય લાલનપાલન થાય, સન્માનપૂર્વકનું જીવન જીવે અને સારો ગોવંશ મેળવવા જાતવાન નંદીનું સંવર્ધન થાય તે હેતુ રહેલો છે.ત્રણ દિવસના આયોજનમાં દરરોજ ગોકથા સાથે વિવિધ વક્તાઓના પ્રવચન અને ગાય આધારિત ખેતી અને તેનું વેચાણ, નંદી અને ગોશાળા સંચાલન, ગોબર આધારિત વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ, ગોચર વિકાસ, વૃક્ષારોપણ, વરસાદી પાણી સંગ્રહ, બોર-કુવા રિચાર્જ, ગ્રામ સફાઈ સહિત અનેક વિષયે સમગ્ર કચ્છમાં ઉદાહરણરૂપ કામગીરી કરનાર સો થી વધુ સંસ્થાઓ અને ભાઈઓ બહેનોનું વિશેષ સન્માન કરાયું હતું.કચ્છમાં અત્યાર સુધી આ પ્રકારના અનોખાં કહી શકાય તેવાં ત્રણ દિવસીય આયોજનની પુર્ણાહુતી પ્રસંગે



સહયોગી સૌની આભારવિધિ કરતાં ગોરસીયા સેવા ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને ભુજ મંદિરના ઉપકોઠારી જાદવજી ગોરસીયાએ જણાવ્યું કે આ સમગ્ર આયોજનના વિચારથી લઈને પૂર્ણાહુતિ સુધી ભુજ મંદિરના પૂ. મહંત સ. ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના ખુબ જ રૂડા આશીર્વાદ અને ભુજ મંદિરના અનેક પૂ. સંતો અને ગામેગામનાં પૂ. સાંખ્યયોગી બહેનોની આ પ્રસંગમાં સતત ઉપસ્થિતિ આયોજનમાં પ્રેરકબળ બની રહી હતી.

રામજીભાઈ વેલાણી

## ૨૦મી શ્રી ઘનશ્યામ બાલ સત્સંગ શિબિર - ભુજ

પૂજ્ય મહંત સ્વામી આદી વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીઘનશ્યામ બાલ મંડળના બાળકોની ત્રિદિવસીય ''મારી વાણી મારું સ્વરૂપ'' ૨૦મી 'બાલ સત્સંગ શિબિરનું' આયોજન કરવામાં આવ્યું. જેમાં કચ્છ સત્સંગ હેઠળના ઉંમર ૮ થી ૧૫ વર્ષ સુધીના ૭૦૦ બાળકોએ ભાગ લીધો હતો. સ્થળ હતું શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર ભુજ - મિરજાપર રોડ.

તા.૨૪-૫-૨૦૨૫ વૈશાખ વદ ૧૨ શનિવારના સાંજે બાળકો શિબિર સ્થળે આવી ગયા. દરેકને રહેવાની વ્યવસ્થા થયા બાદ નિત્યનિયમ



અને ભોજન બાદ રાતે અંતાક્ષરી રમાડવામાં આવી હતી. ૧૦ વાગ્યે હરિ સ્મરણની સાથે શયન કર્યું.

બીજા દિવસો તા.૨૫-૫-૨૦૨૫ રવિવારના સવારે ૫ વાગ્યે જાગી સમૂહ પૂજા કરવામાં આવી. ત્યારબાદ પૂજ્ય ઉપમહંત સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, આદિક વડીલ સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરી, વડીલ સંતોના આશીર્વાદ લઈને બાળ સત્સંગ શિબિરનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો. સવારના નાસ્તા બાદ પ્રેઝન્ટેશનના માધ્યથી ૧૫ કલાસ રૂમમાં સંતો દ્વારા 'સેવા' વિષય



પર બાળકોને સેવાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું કે જીવનને સેવામય બનાવવું, દેશ, ગામ, મંદિર અને ઘરમાં માતા-પિતા આદી વડીલોની સેવા કરવી. ત્યારબાદ ગ્રુપ ચર્ચા અને પૂજાના શ્લોકો શીખવવામાં આવ્યા. રિશેષ બાદ ફરી શ્લોકગાન અને રમત રમાડવામાં આવી. ૧૨ વાગ્યે ભોજન



કરી આરામ બાદ પુનઃ દ્વિતીય સત્રમાં ૩ઃ૩૦ ઉત્થાપન માનસીપૂજા, મેવો. બાદ ભક્તચિંતામણીના રાગ શીખવવામાં આવ્યા. બાદ ૦૫ થી ૬ઃ૩૦ ગ્રાઉન્ડ પર વિવિધ રમતો રમાડવામાં આવી. સાંજે નિત્ય નિયમ, ભોજન પ્રસાદ અને રાત્રે સંત સમાગમ રાખવામાં આવ્યો હતો. ૧૦ વાગ્યે યોગ નિદ્રા.

તા.૨૬-૫-૨૦૨૫ સોમવારના પૂજા, આરતી, નિયમ, નાસ્તો કરી કલાસ રૂમમાં. આજ બાળકોને 'સંગ શુદ્ધિ જીવન વૃદ્ધિ' આ વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા સંતોએ જીવનમાં કેવાનો સંગ કરવો, સંગની જીવનમાં કેવી અસર પડે છે. વગેરે સમજણ આપવામાં આવી એજ વિષય પર ગ્રુપ ચર્ચા કરવામાં આવી હતી. બાદ રિશેષ પંચદેવ શ્લોક ગાન શીખાડવામાં આવ્યા. સાથે પ્રશ્ન ગેમ રમાડવામાં આવી. ૧૨ વાગ્યે માનસી કરી ભોજન પ્રસાદ, આરામ. બપોર







પછીના સત્રમાં ભક્તચિંતામણીના રાગ શીખવવામાં આવ્યા. બાદ મેવો લઈ, આઉટડોર ગેમ. સાંજે નિત્ય નિયમ બાદ રાતે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૭-૫-૨૦૨૫ મંગળવારના સવારે પૂજા બાદ ભુજ મંદિરે દર્શન કરવા ગયા હતા. મંદિરમાં ગ્રુપ ફોટો, દર્શન કરી, નાસ્તો કરવામાં આવ્યો બાદ મંદિરના સભામંડમમાં સભા રાખવામાં આવી હતી. જેમાં પૂજય મહંત સ્વામી અતિ રાજી થઇ પોતાની અમૃતવાણી દ્વારા બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા. પુનઃ શિબિર સ્થળે પહોચ્યા બાદ, સ્કૂલના પ્રાર્થના હોલમાં સભા રાખવામાં આવી તેમાં બાળકોને 'સંપ'





વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા સંપનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાદ સંતોના આશીર્વાદ અને અંતમાં દરેક બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ અને ભોજન પ્રસાદ લઈ શિબિરની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

ત્રણ દિવસ બાળકોને નિત્ય પૂજાની રીત, શ્લોકો, ભક્તચિંતામણાના રાગ, વિવિધ વિષય પર પ્રેઝન્ટેશન, ગ્રુપ ચર્ચા અને ગેમના માધ્યથી બાળકો અવનવું શીખવવામાં આવ્યું હતું જેમાં યુવક મંડળના સંતો સાથે અન્ય સંતો તથા સયોજક અને સંચાલક યુવનોએ ખૂબજ મહેનત કરી હતી. દરેક સંતોને મહંત સ્વામીએ ખૂબજ આશીર્વાદ આપ્યા.

૧-યુવક મંડળ કાર્યાલય ભુજ







# ભુજ મંદિર અને સહયોગી દાતાશ્રીઓ દ્વારા લખપત બી.એસ.એફ. કેમ્પમાં વિશ્રામ કક્ષ, વોટર કૂલર અને આર.ઓ. મશીન અર્પણ કરાયા

દેશ સેવાના ધ્યેય સાથે ભારતીય સેનાનું મનોબળ વધારવા અનેક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. એમાં ભુજ સ્વામિનારાયણ મંદિર ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડિલ સંતો દેશની સરહદ ઉપર રહેતા સૈનિકોને ઉપયોગી થવાની સુહૃદ ભાવના સાથે હંમેશા કાર્ય કરતું રહ્યું છે.





ભુજ મંદિરના સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોએ કચ્છમાં લખપત પાસે આવેલ ભારતીય સરહી વિસ્તારમાં બી.એસ.એફ. કેમ્પના અધિકારી તથા જવાનોને મળી પ્રાથમિક તેમની જરૂરિયાત પ્રમાણે વિશ્રામ કક્ષ, વોટર કૂલર અને આર.ઓ. મશીન અર્પણ કરાયા હતા.

જેના યજમાન માધાપર ગામના સાં.યો. બહેનો પુરબાઈ ગાંગજી તથા માનબાઈ માવજી તથા હરિભક્તો જાદવજી માવજી ભુડિયા, દેવબાઈ જાદવજી, નરેશ શિવજી અને જયોતિબેન નરેશ પિંડોરીયા રહ્યા હતા.

આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સદ્ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરપ્રકાશદાસજી આદિ સંતોની ઉપસ્થિતિ રહી સેવાકાર્યમાં જોડાયા હતા. સાથે ભુજ મંદિરેથી શ્રીનરનારાયણદેવનો પ્રસાદરૂપ કેસર કેરીઓની પેટીઓ ભુજ મંદિર તરફથી અર્પણ કરવામાં આવી હતી.



# વિશ્વ પર્યાવરણ દિવસની આગવી ઉજવણી

આગામી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સુખપર અને માનકુવા વચ્ચે રમણીય સ્થળ નાગથડા ડુંગર આવેલ છે. ૨૦૦ વર્ષ પહેલાં શ્રીસ્વામિનારાયણ ભગવાન કચ્છ દેશમાં સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે વિચરણ કરતા હતા ત્યારે તેઓ ભુજથી માનકુવા જતા રસ્તામાં આ ડુંગર ઉપર પાસે આવેલ તળાવમાં સંતો-ભક્તો સાથે



સ્નાન કરી ત્યાં સભા કરીને બિરાજમા થયેલા. ત્યારથી આ સ્થળ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનું સ્થાન તરીકે ઓળખાય છે.

હાલમાં જંગલ ખાતા દ્વારા કચ્છમાં વૃક્ષારોપણને લઈને મોટું અભિયાન ચાલી રહ્યું છે ત્યારે આ પ્રસાદીના સ્થળ નાગથડાને લીલુંછમ બનાવવામાટેનો સંકલ્પ ભુજ મંદિરના સંતો અને સાં.યો.બહેનો તથા હરિભક્તોના સંકલ્પે વિશ્વ પર્યાવરણની આગવી ઉજવણી નિમિત્તે સુખપર ખાતે આવેલ નાગથડા ડુંગરને લીલુંછમ બનાવવા સંકલ્પ લેવાયું. ૧૦૦૦ વૃક્ષો વાવીને માવજત કરવા સંતો અને હરિભક્તો કટિબદ્ધ થયા અને શરૂઆતમાં સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સંતો તથા સાં.યો.બહેનો અને આસપાસના ગામના ૨૦૦ જેટલા હરિભક્તોની ઉપસ્થિતિમાં ૩૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. અને આગામી દિવસોમાં વધારે વૃક્ષોનું વાવેતર અને માવજત કરવામાં આવશે.

આ વૃક્ષારોપણ પ્રસંગે ઉદાર દિલે સહયોગ આપનાપ સુખપાર, મદનપુર ગામના વૃક્ષપ્રેમી હરિભક્તો સાથે નાગથડા પ્રસાદી સ્થળ ટ્રસ્ટના



ટ્રસ્ટીશ્રીઓ તથા જળ મંદિર સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અ - ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ખાતે ૧૧ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી





શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ટ્રસ્ટ (નરનારાયણદેવ) પ્રાયોજિત શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ભુજ-કચ્છ સંચાલિત શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પટાંગણમાં શાળા કક્ષાના ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વૈશ્વિક કાર્યક્રમમાં મુખ્ય અતિથી વિશેષ તરીકે સૌરાષ્ટ્ર પ્રાંતનાં ક્રીડા ભારતી સંસ્થાના મંત્રીશ્રી અશોકભાઈ ગાંધી, સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા તેમજ સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ શીયાણી ઉપસ્થિત રહ્યા હતા. વહેલી સવારે ૬-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સૌએ સાથે મળી વસુધૈવ કુટુબકમ્‌ની શુભ ભાવના સાકાર થાય તેમજ મન આત્માને શાંતિ મળે તે માટે સૌ સાથે મળી આ યોગસાધના કરી હતી. યોગસાધના બાદ મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યાશ્રી દક્ષાબેને કર્યું હતું. અને વ્યવસ્થા વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન વીરડાએ સંભાળી હતી.

# શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર વિશેષ સત્સંગ સભા તથા સંત મંડળ બદલી

અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરે જેઠ સુદ-૩, તા.૨૯/૫/૨૦૨૫ના રોજ ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાજીની આજ્ઞાથી અંજાર મંદિરના વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી તથા મંડળધારી સદ્‌ગુરુ શા.સ્વામી ગોલોકવિહારીદાસજી. કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શા.સ્વામી શ્રીરંગદાસજી આદિ સંતમંડળ પાછલા એક વર્ષથી શ્રીઘનશ્યામ મહારાજ તથા અંજાર સત્સંગની સેવા માટે અંજાર

મંદિરમાં હતા, સંતોની પરંપરા મુજબ એક વર્ષ પૂર્ણ થતા વિદાય તેમજ આજરોજ ભુજથી પધારેલ સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, વડીલ સદ્‌ગુરુ શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી નારાયણમુનિદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, કોઠારી શા.સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંતમંડળના સર્વે સંતો



અંજાર આવેલ. આવકાર આપવા સાથે અંજારના સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ હરિભક્તોને જણાવેલ કે ભુજથી પધારેલ સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીના મંડળના તમામ સંતો ઉત્સાહી છે, નવા સંતમંડળના સંતો અંજારના હરિભક્તોને વધુને વધુ સત્સંગ કરાવે તે માટે સાથે રહી હેતભર્યા સહકાર આપજો તેવું જણાવ્યું હતું. સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ જણાવેલ કે અંજારના હરિભક્તો હંમેશા સુંદર સહકાર આપે છે. સત્સંગનું પ્રમાણ ઘણું જ વધી રહ્યું છે. અંજાર મંદિરના હરિભક્તોએ આવેલ નવા મંડળના સંતોને ફુલહાર પહેરાવી આવકાર આપેલ. કાર્યક્રમનું સંચાલન કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું. હરિભક્તોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સારી રીતે યોજાયો હતો.

તા.૨૫/૫ ના રોજ સાંજે મંડળની વિશેષ સભા પ્રસંગે કથાવાર્તા અને સંતોના આશીર્વાદ સભા યોજાયેલ. આ પ્રસંગે વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી





પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદ પ્રવચનોમાં પાઠવેલ. તથા વિદાય લઈ રહેલા સંતોનો હરિભક્તોએ તેમની ખૂબ સારી સેવાઓ બદલ ફુલહાર પહેરાવી સન્માનિત કરેલ તથા સૌ સત્સંગીઓએ હળીમળીને રહેવાની ભલામણ કરેલ. સર્વે ભક્તજનો પ્રસાદ લઈ છુટા પડેલ, આ ઉત્સવના યજમાન અંજાર શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિરના મહંત સા.યો. ત્રિવેણીબેન મંગળજી ઠક્કર રહેલ હતા.

જલયાત્રા ઉત્સવ તથા શ્રીઠાકોરજીને કેસરજળથી અભિષેક :- જેઠ સુદ પૂનમે તા.૧૧/૬ ના રોજ જલયાત્રા ઉત્સવ તથા શ્રીઠાકોરજીનો કેસરજળથી અભિષેક કરવામાં આવેલ તથા નૌકા વિહાર કરાવવામાં આવેલ હતું. વહેલી સવારે મોટી સંખ્યામાં સર્વે હરિભક્તો દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તથા તા.૭/૬ ના આમ્રકૂટ ઉત્સવ અંજારમાં ઉજવાયેલ જેમાં વિવિધ પ્રકારની કેરીઓ ઠાકોરજીને અર્પણ કરવામાં આવેલ જેના દર્શનનો લાભ હરિભક્તોને મળ્યો હતો.



આ કાર્યક્રમને સફળ બનાવવા સંતો તથા સાં.યો. બહેનો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

અ - મેહુલ પ્રવિણચંદ્ર ઠક્કર - અંજાર

# શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર

**શ્રીસ્વામિનારાયણ મંદિર રાપરમાં નવા સંત મંડળની પધરામણી :-** રાપર ગામ એ સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદથી પાવન થયેલું છે. આ ગામમાં સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજીના વખતથી સત્સંગ છે. રાપરના ભક્તોની ભક્તિ ભાવના અને ઝંખનાથી દેશ-વિદેશના હરિભક્તોની સેવાથી પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો ની આરાધના અને પ્રાર્થના તથા સૌ સંતો-ભક્તોની સેવા અને સમર્પણથી રાપરમાં શ્રીઘનશ્યામ મહારાજ પધાર્યા અને તેમનું નૂતન મંદિર થયું. આ ઠાકોરજીના દિવ્ય પ્રતાપથી સંતો-હરિભક્તોના સત્સંગ ભક્તનું અને દર્શનનું સુખ મળી રહ્યું છે.

ભુજ મંદિરની પ્રણાલિકા મુજબ દર વર્ષે સંતોની બદલી કરવી એ ક્રમ પ્રમાણે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો દિનાંક. ૪/૬/૨૦૨૫ ના રોજ બપોરપછી સંતો રાપર પધાર્યા. રાત્રે વિશાળ સભામાં સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળની વિદાય અને સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતોના આગમનને આવકારવામાં આવ્યું. અત્યારે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી સહિત ૨૪ સંતો રાપર મંદિરમાં રહી વાગડના સત્સંગને કથાવાર્તા કરી રાજી કરશે અને સત્સંગનું બળ ાપશે.

**આમ્ર ઉત્સવ :-** દિનાંક.૭/૬/૨૦૨૫ જેઠ સુદ ભીમ એકાદશીને રવિવારના રોજ મોટો દિવસ હોતાં ઠાકોરજી મુગટ ધારણ કરી દર્શન આપ્યાં હતા અને સાથે ઠાકોરજી આગળ આમ્રકુટ અર્પણ કરાયો હતો. આ ફળકૂટમાં ઋતુના ફળ અને દરેક ફળનો રાજા એવી ઓર્ગેનિક કેરી આપમેળે ઝાડમાં પાકેલી શાખ કેરી મોટા પ્રમાણમાં અર્પણ કરાઈ હતી. શણગાર આરતી થતાં સર્વે હરિભક્તોને આ ફળકૂટ દર્શનનો લાભ મળ્યો હતો. દરેક સંતો-હરિભક્તો આ ફળકૂટના દર્શન કરી ધન્ય થયા હતા. ફળકૂટ ઉત્સવ પૂર્ણ થતાં આ દરેક કેરીઓ સાંજે રાપર મંદિરના પૂજ્ય મહંત સ્વામીના વરદ્‌હસ્તે દરેક ભક્તોને આપવામાં આવી હતી.

**ઠાકોરજીના શિખર ઉપર પ્રથમ ધજા આરોહણ સાથે મહાઆરતી :-** કચ્છ સત્સંગનું પાંચમું શિખરબંધ મંદિર એટલે રાપર વાગડ પૂર્વ કચ્છનો સત્સંગ સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજીના વખતનો છે. અહીં હરિ મંદિર હતું હાલમાં શિખરબંધ મંદિર બન્યું છે અને ઠાકોરજી શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ ભગવાન બિરાજી દર્શન આપી રહ્યા છે.

નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા બાદ જેઠ સુદ-નિર્જલા એકાદશીના ભીમ અગિયારસના રોજ ઠાકોરજીના શિખર ઉપર પ્રથમ ધજા ચડાવવાની સેવા થઈ. મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી યજમાન પ.ભ.મુકુંદભાઈ માલીના વરદ્‌હસ્તે વિધિ સાથે ધજાનું પૂજન થયું. ધજા સહિત પરિક્રમા કરીને શણગાર આરતી સાથે આરતી કરી. આરતી બાદ યજમાનો તથા સ્વયંસેવકો ગગનચુંબી શિખર ઉપર પહોંચીને શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ ભગવાન, શ્રીસહજાનંદ સ્વામી મહારાજના જયઘોષ સાથે ત્રણે શિખર ઉપર ધજા ચડાવી હતી. ઉંચે આકાશમાં ફરકતી આ ભગવાનની ધજા અનેક હરિભક્તોને અનેક પ્રકારની પ્રેરણા આપી રહી છે. તેથી હરિભક્તો અને ગામ લોકો વિશેષ અને વિશેષ સત્સંગ ભક્તિનો લાભ લઈ રહ્યા છે. આજના દિવસે બપોરપછી ૪ થી ૭ દરમિયાન ધૂન-કીર્તન

અને સાંજે સંધ્યા આરતી સમયે પ્રથમ મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું. યજમાનપદે પ.ભ. જયાબેન બાબુલાલ દાવડા-રાપર તથા શિવ કન્ટ્રક્શન કંપની દિલીપભાઈ સુથાર-નારાણપર હાલે-કેન્યા રહ્યા હતા. સાંજના સમયે ધૂન-કીર્તન થયાં. સંતો સાથે આ કાર્યક્રમ દિવ્ય અને ભવ્ય થયો. વડિલ સંતોમાં પરમ પૂજ્ય મહંત સ્વામીએ સૌ ભક્તોને ધૂન-કીર્તન અને મહાઆરતીનો મહિમા સમજાવ્યો હતો તથા આજના ઉત્સવના યજમાન પરિવારને સ્મૃતિચિહ્ન આપી આશીર્વાદ પાઠવ્યા હતા.

વડિલ સંતોએ નિજ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી કરી હતી અને સૌ સંતો, સૌ ભક્તો ઠાકોરજી સન્મુખ બેસીને હાથમાં દિવેટ લઈને ઠાકોરજીની આરતી કરવાનો લાભ લીધો હતો. આ લાભ મેળવીને સૌ હરિભક્તો ધન્ય થયા હતા.

**રાપર મંદિરે મહાપૂજા :-** આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભુજમાં શ્રીનરનારાયણ ભગવાનના શ્રી સાનિધ્યમાં યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ મહાપૂજાની શુભ શરૂઆત કરી. ત્યારથી કચ્છના સત્સંગમાં દર એકાદશીએ ભુજ મંદિરમાં મહાપૂજા થાય છે. આ મહાપૂજાનો બહુ જ મોટો પ્રતાપ અને પ્રભાવ છે. અનેક સંતો આ મહાપૂજા કરાવતા અને હરિભક્તોને મહાપૂજા કરાવવા પ્રેરણા પણ કરતા રહ્યા છે. આ મહાપૂજાના પ્રતાપથી અનેક હરિભક્તોના સંકલ્પો પૂર્ણ થયા છે અને સુખી થયા છે.

સંતોની સાધના અને હરિભક્તોની ભક્તિ વાગડ વિસ્તારના લોકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે રાપરમાં શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ ભગવાન બિરાજ્યા છે ત્યારે રાપર મંદિરના પૂજ્ય મહંત સ્વામીની પ્રેરણાથી જેઠ વદ-સાતમ બુધવાર દિનાંક.૧૮/૬/૨૦૨૫ ના ઠાકોરજી સમક્ષ મહાપૂજાનું ભવ્ય આયોજન થયું હતું. આ મહાપૂજામાં પલાંસવા ગામના મોતીભાઈ ભરવાડની આગેવાનીમાં ભરવાડ સમાજના ગોલકર પરિવારના ૨૦૦ જેટલા સભ્યો મહાપૂજાનો લાભ લીધો હતો. ૮-૩૦ વાગ્યે શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ મહાપૂજા કરાવી હતી. પૂજામાં સર્વમંગલ નામાવલિ એક હજાર નામથી ઠાકોરજીનું વિશેષ પૂજન કરાવ્યું હતું. સાથે સ્વામી જનમંગલદાસજી રહ્યા હતા.





આ પૂજાવિધિમાં મોતીભાઈ ભરવાડ અને માતાજીના ભોપા એ સાથે મળીને ઠાકોરજીનું મુખ્ય પૂજન કર્યું હતું. પૂજા દરમિયાન રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની હાજરી રહી હતી અને પૂજા પૂર્ણ થયા બાદ સ્વામીજીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મહાપૂજાને અંતે આજે આ સમગ્ર ગોલકર પરિવારના સભ્યો સમૂહ ભોજન પ્રસાદમાં નાના મોટા ૩૩૦ ભક્તોએ લાભ લીધો હતો. આ ભોજન પ્રસાદ પણ ભરવાડ સમાજની પરંપરા અને પદ્ધતિ પ્રમાણે એના જ ભક્તોએ બનાવ્યો હતો. આવો પ્રસાદ આરોગીને પંચાળામાં શ્રીજીમહારાજે જે શેલણ જમાડેલું અને જે આનંદની વાત પ્રસિદ્ધ છે તેવો આનંદ આ સૌ ભરવાડ ભક્તોએ માણ્યો હતો. ભોજન પ્રસાદ બાદ સૌ ભક્તો પોતપોતાને ઘરે ગયા હતા.

દર મહિનાની અમાસના દિવસે મહાપૂજા કરવામાં આવશે.

અ - કોઠારી સ્વામી

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ દ્વારા નવનિર્મિત નૂતન સંકુલનું ઉદ્ઘાટન અને લોકાર્પણ સમારોહ



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ દ્વારા નવનિર્મિત નૂતન સંકુલના ઉદ્ઘાટન અને શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ ભુડિયા-મોમ્બાસા કેન્યા સેવાસદન લોકાર્પણ પ્રસંગે પધારતા ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી

## સર્વે હરિભક્તો જોગ

વ્હાલા હરિભક્તોને જણાવવાનું કે આપણા સંપ્રદાયનો મોટો એક મહિનાનો હિંડોળા ઉત્સવ આગામી દિનાંક. ૧૨/૭/૨૦૨૫ થી દિનાંક. ૧૦/૮/૨૦૨૫ દરમિયાન કચ્છના દરેક મંદિરોમાં ધામધૂમથી ઉજવાશે. આ દરમિયાન આપ સૌ હરિભક્તો દરેક મંદિરોમાં ઉજવાતા હિંડોળાનાં દર્શન કરવા જતા હો ત્યારે ખાસ આયોજકોએ ધ્યાન રાખવું કે જે મંદિરમાં બપોરે પ્રસાદ લેવાના હો તો મંદિરમાં ફોન દ્વારા અચૂક જાણ કરવી જેથી જમવાની વ્યવસ્થામાં અનુકૂળતા રહે.

ભુજ મંદિર - ૭૫૬૭૬ ૦૮૦૦૦ / ૭૫૬૭૬ ૦૭૦૦૦

અંજાર મંદિર - ૯૮૭૯૫ ૨૨૪૯૫

ભુજ પ્રસાદી મંદિર - ૭૫૬૭૨ ૦૬૦૦૦

માંડવી મંદિર - ૯૮૭૯૫ ૩૦૮૯૯

રાપર મંદિર - ૯૨૬૫૨ ૫૨૫૯૬

# શ્રીસ્વામિનારાયણ મંદિર આડેસર વાગડનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર આડેસરનો બીજો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. દિનાંક. ૨૧/૬/૨૦૨૫ રવિવારના રોજ સવારે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી



અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ધ્વજારોહણ કરી આરતી કરવામાં આવી હતી. હરિભક્તોએ પોતાના ઘરેથી વિવિધ પ્રકારના પકવાનો લાવેલ હતા. સાંજે મંદિર પરિસરમાં જાહેરસભા યોજાઈ હતી. જેમાં રાપરથી રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી, સ્વામી જનમંગલદાસજી આદિ સંતો પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા બાદ દરેક ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. પાટોત્સવના યજમાનશ્રીઓને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. સંચાલન શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું



અ - શૈલેશભાઈ દરજી

આડેસર

# શ્રીસ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ શિવગઢ (વાગડ)

શ્રીસ્વામિનારાયણ ભગવાન સત્સંગ વિચરણ દરમિયાન કચ્છ પ્રદેશમાં ૭ વર્ષ સુધી વિચરણ કરેલ અને ભુજમાં મંદિર સ્થાપી શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી હતી. આ પરંપરા પ્રમાણે ભુજ શ્રીનરનારાયણદેવ, સ્વામિનારાયણ મંદિરના સંતો વિચરણ કરી

સનાતન ધર્મ સાથે સત્સંગનો વિકાસ અને વિસ્તાર અદ્યાપિ પર્યંત કરી રહ્યા છે.

હાલે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતના રૂડા આશીર્વાદથી સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ ભુજથી ૨૦૦ કી.મી. દૂર રાપર તાલુકામાં રણની પેલે પાર આવેલ શિવગઢ ગામે નવું મંદિર બનાવ્યું.

ત્રણ દિવસના વિષ્ણુયાગ સાથે તા.૧૦/૬/૨૦૨૫ના મંગલ પ્રભાતે પંચ દિનાત્મક મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો. યજમાનશ્રીઓ દ્વારા ભૂદેવોએ પ્રાતઃકાળે સ્થાપનવિધિ કરાવી. ત્યારબાદ શ્રીરામ મંદિરેથી પોથીયાત્રાનો શુભ પ્રારંભ થયો. અતિ ઉમંગ સાથે ગામના લોકો વાજતે ગાજતે પોથીયાત્રામાં જોડાયા હતા. ઉદ્ધવ સંપ્રદાયની પરંપરા અનુસાર પોથયાત્રાના રથ આગળ સંતો, સાથે ગ્રામીણ પરંપરા વેશભૂષામાં પુરુષો તથા યુવાનો અને બાળકો રાસ મંડળી સાથે સૌથી છેલ્લે બહેનોના વિભાગમાં સાં.યો. બહેનો સાથે ગામના બહેનો પરંપરા અનુસાર જોડાયા હતા અને પોથીયાત્રા સભામંડપમાં પધારી.

યજમાનશ્રીઓ દ્વારા પોથીપૂજન, વક્તાશ્રીનું પૂજન થયું ત્યારબાદ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણની શુભ શરૂઆત થઈ. વક્તાપદે ડો.સ્વામી અક્ષરમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી રાઘવમુનિદાસજી સુમધુર શૈલીમાં રસપ્રદ શ્રીહરિના ચરિત્રો શ્રવણ કરાવ્યા હતા. સાથે સંગીતજ્ઞ સ્વામી જનમંગલદાસજી આદિ સંતો-ભક્તોએ સાથ આપ્યો હતો.

વિશાળ સભામંડપમાં સંત સભામાં શિવગઢ મંદિરના સંસ્થાપક અને રાપર શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબાળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, રાપર મંદિરના કોઠારી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજી વિગેરે સંતો તથા મંદિર બાંધકામ સંભાળનાર સંતોમાં સ્વામી



નૌતમમુનિદાસજી તથા મુકુંદમુનિદાસજી સહિત અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા.



આ ઉત્સવમાં સમગ્ર વાગડ વિસ્તારના અને કચ્છમાંથી અને સત્સંગી હરિભક્તો પધારી કથા શ્રવણનો લાભ લીધો હતો. સ્થાનિક દાતાશ્રીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા સાથે યુ.કે.થી વાઘજીભાઈ, લક્ષ્મણભાઈ, નારાણભાઈ, હરજીભાઈ વિગેરે તથા આફ્રિકા ટાન્ઝાનિયાથી સુનિલભાઈ, કંપાલાથી ધર્મેન્દ્રભાઈ તથા ધનજીભાઈ પરિવાર સહિત હાજર રહી ઉત્સવનો લાભ લીધો હતો. ઓસ્ટ્રેલિયાથી પણ ભક્તો પધાર્યા હતા. તેમજ આ વિસ્તારના સમગ્ર આંજણા પટેલ સમાજ સહિત વિવિધ સમાજના સત્સંગીઓ તથા સત્સંગપ્રેમી ભક્તજનો મોટી સંખ્યામાં હાજર રહી કથા શ્રવણ સાથે મહાપ્રસાદનો લાભ લઈ ઉત્સવને શોભાવ્યો હતો.

તા.૧૩ ના સવારે ભુજ મંદિરના ઉપમહંત સ્વામી, રાપર મંદિરના મહંત સ્વામી વિગેરે વડિલ સંતોની પાવન ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધૂ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્હસ્તે ભગવાનના સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. ચોવિસી ગામની ઉત્સવ મંડળીઓ પણ સવારે ૮ વાગ્યે આવી શ્રીઠાકોરજીની શોભાયાત્રા સાથે ગામના મુખ્ય માર્ગેથી ધૂન-કીર્તન કરતા નૂતન મંદિરે દર્શન કરી સભામંડપમાં પધારી કથા શ્રવણ તથા સદ્‌ગુરુ સંતો અને આચાર્ય મહારાજશ્રીના દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

મંદિર નિર્માણ, ઉત્સવ અને આજીવિકા માટે ઉદારદિલે આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓને વડિલ સંતો અને મહારાજશ્રીના



વરદ્હસ્તે પહેરામણી કરવામાં આવી હતી. મંદિર બાંધકામ સમિતિ તથા ઉત્સવ સમિતિઓમાં સેવા આપનાર સર્વેનું બહુમાન કરવામાં આવ્યું હતું.



આ ઉત્સવમાં રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞાથી રસોડા માટે માધાપર મંદિર વતી ૬૦ જેટલા

હરિભક્તો રસોડાના સર્વે વાસણો સહિત સાધનસામગ્રી લાવી સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરી શ્રીઠાકોરજીને થાળ ધરાવી સર્વે ભક્તજનોને જમાડવાની સેવા કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી સંભાળી રહ્યા હતા.

અ - ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## માધાપર નવાવાસ સ્વામિનારાયણ મંદિરનો ૧૨૭ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર માધાપર નવાવાસ મધ્યે ૧૨૭ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા.૨૪/૫/૨૦૨૫ થી તા.૨૮/૫/૨૦૨૫ સુધી શ્રીમદ્ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતો પુ.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા પુ.સ્વામી નિર્ભયજીવનદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા. મંડળના અન્ય નાના મોટા સંતો સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી સત્યજીવનદાસજી આદિ સંતો પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો.

કથાના યજમાનપદે પ.ભ.મનજીભાઈ સામજી લધા સપરિવાર રહ્યા હતા અને પાટોત્સવના દિવસે શ્રીઠાકોરજીના પંચામૃત અભિષેક અને છપ્પનભોગ અન્નકૂટ આરતીનો લાભ લઈ ધન્ય ભાગ્યશાળી થયા હતા.

અ - ભીમજીભાઈ મુરજી ભુડિયા
૯૮૨૫૬ ૩૩૬૯૭ - માધાપર

## ભુજ મંદિરમાં ૮ મંડળના સંતોની વિક્રમ સંવત-૨૦૮૧-૨૦૮૨, વર્ષ ૨૦૨૫-૨૦૨૬ એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશવિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત ૨૦૮૧ જેઠ સુદ-૩ તા.૨૯-૦૫-૨૦૨૫, ગુરૂવારના રોજ મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને દેશ-વિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ અલગ સેવા સોંપવામાં આવી હતી. તે નીચે મુજબના સંતો સંભાળશે.

(૧)

**સ.ગુ.ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજીનું મંડળ**

**અંજાર મંદિર - યુ.કે. દ્વિત્યીય સત્સંગ વિચરણ (ડિસેમ્બર)**

(૨)

**સ.ગુ.સ્વામી ગોલોકવિહારીદાસજીનું મંડળ**

**ભુજ-મંદિર શ્રીઠાકોરજીની સેવા - પ્રથમ આફ્રિકા સત્સંગ વિચરણ**

(૩)

**સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજીનું મંડળ**

**માંડવી મંદિર - ઓસ્ટ્રેલીયા - દ્વિત્યીય સત્સંગ વિચરણ**

(૪)

**સ.ગુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજીનું મંડળ**

**ભચાઉ દેશ**

**નાની વાગડ - મુંબઇ થાણા - ભારત યાત્રા સત્સંગ વિચરણ**

માધાપર જુનો-નવોવાસ, હરિપર, ભચાઉ, નવાગામ, , ખોખરા, ચીરઇ, ખારોઇ, ચોબારી, આધોઇ, કંથકોટ, સરદાર નગર, ધાણેટી, દુધઇ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા. ભીમાસર, હિરાપર, નિંગાળ, સિનુગ્રા, દેવડિયા, કુંભારિયા, ગોલ્ડનસીટી-આદિપુર.

(૫)

**સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનું મંડળ**

**રામપર દેશ - મુંબઇ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લે**

મીરજાપર, ગોડપર, દહિંસરા, સરલી, રામપર-જુનો-નવોવાસ,વેકરા, વાડાસર,સામત્રા, મેઘપર, નારણપર ઉપલો-નીચલોવાસ, સુરજપર.

(૬)

**સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજીનું મંડળ**

**પ્રસાદિ મંદિર- અબડાસા દેશ, પ્રથમ યુ.કે. સત્સંગ વિચરણ**

સુખપર રોહા, અંગીયા, રવાપર, નેત્રા, ઘડાણી, આમારા, દયાપર, દોલતપર, ભારાસર

(૭)

**સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીનું મંડળ**

**રાપર(વાગડ) દેશ, પ્રથમ ઓસ્ટ્રેલીયા સત્સંગ વિચરણ,**

આફ્રિકા દ્વિત્યીય સત્સંગ વિચરણ (ડિસેમ્બર) રાપર, નવાપરા, કલ્યાણપર, રત્નેશ્વર, સેલારી, સગ્રામસર, શિવગઢ, ઉમૈયા, પદમપર, સણવા, આડેસર, પલાસવા, ગાગોદર,

(૮)

**સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ**

**સુખપર દેશ - અમદાવાદ ભાટ વિશ્રાંતિ ભુવન**

સુખપર, મદનપુર, નરનારાયણ નગર, માનકુવા, ભક્તિનગર, કોડકી, ફોટડી, કેરા-કુંદનપુર, બળદિયા ઉપલો-નીચલોવાસ, મુન્દ્રા.

**<u>સ્થાનિકે સંતોની ક્રિયાની નામાવલી</u>**

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની સ્થાનિક સેવાની પૂજય મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં દિનાંક ૧૦/૬/૨૦૨૫, જેઠ સુદ-૧૪ ના રોજ નીચે પ્રમાણે સ્થાનિક સેવા સોંપવામાં આવી છે. જે એક વરસ માટે સેવા કરશે.

**<u>માર્ગદર્શક સંત :-</u>** ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવન દાસજી

**મુખ્ય કોઠારી :-** સ.ગુ.સ્વામી દેવપ્રકાશ દાસજી

**સહ કોઠારી :-** શા.સ્વામી ગોલોકવિહારી દાસજી

**<u>કોઠારી :-</u>**

સ્વામી ઘનશ્યામવલ્લભ દાસજી

સ્વામી પુરૂષોત્તમપ્રિય દાસજી (સાહિત્ય વિભાગ)

સ્વામી વિજ્ઞાન દાસજી

સ્વામી હરિપ્રસાદ દાસજી (ઉત્સવ)

**<u>શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્ર</u>**

સ્વામી પુરૂષોત્તમપ્રિય દાસજી

સ્વામી ભક્તિપ્રકાશ દાસજી

**<u>ભોજનાલય</u>**

સ.ગુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપ દાસજી

સ.ગુ.સ્વામી દેવપ્રકાશ દાસજી

સ્વામી કૃષ્ણવિહારી દાસજી

**પાકશાળા**

સ.ગુ.સ્વામી દેવપ્રકાશ દાસજી

સ્વામી શાન્તિસ્વરૂપ દાસજી

**દુધ તથા છાશવાળા**

પુરાણી સ્વામી નંદકિશોર દાસજી

સ્વામી ઘનશ્યામચરણ દાસજી

**ભંડાર**

સ્વામી શ્રીવલ્લભદાસજી દાસજી

સ.ગુ.સ્વામી ત્યાગવલ્લભ દાસજી

સ્વામી દિવ્યપ્રસાદ દાસજી

સ્વામી વિવેકસાગર દાસજી

**સહજાનંદ બાગ(લેર) અને નરનારાયણ દેવ બાગ (રેલડી)વાડી**

સ્વામી જગજીવન દાસજી

સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી

સ્વામી વાસુદેવપ્રસાદ દાસજી

**ફૂલવાડી અને રાવલવાડી**

સ્વામી ઘનશ્યામપ્રિય દાસજી

સ્વામી બ્રહ્મવિહારી દાસજી

**ફૂલસેવા**

સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજી

સ્વામી જ્ઞાનપ્રિય દાસજી

**લાઇટ**

સ્વામી નીલકંઠસ્વરૂપ દાસજી

**વોટર સપ્લાય**

સ્વામી ઘનશ્યામચરણ દાસજી

**સ્મૃતિ મંદિર**

સ્વામી લક્ષ્મીવલ્લભ દાસજી

**હિંડોળાની સેવા સંભાળશે**

**સુવર્ણ હિંડોળો :-**

શા.સ્વામી ઘનશ્યામસેવકદાસજી

શા.સ્વામી સંતદાસજી

**મુખ્ય હિંડોળા :-**

સ્વામી પુરુષોત્તમચરણદાસજી

સ્વામી શ્રીવલ્લભદાસજી

કોઠારી પાર્ષદ ખીમજી ભગત

કોઠારી પાર્ષદ દિનેશ ભગત

સ્વામી હરિપ્રસાદદાસજી

સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

સ્વામી દિવ્યપ્રસાદદાસજી

સ્વામી જ્ઞાનપ્રિયદાસજી

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ (લંડન)

## વાર્ષિક સામાન્ય સભા

તા.૭/૬/૨૦૨૫, શનિવાર સાંજના ૬ વાગ્યે શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ (લંડન) મંદિરની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ જેમાં તમામ ભક્તજનો, ભાઈઓ અને બહેનોએ મોટા પ્રમાણમાં હાજરી આપેલ.

પ્રથમ સભાનો સમય થતા ઉપસ્થિત તમામ ભક્તજનોની રજાથી સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ.

પ્રથમ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું પ્રમુખશ્રી પરબતભાઇ શીવજી કેરાઈએ સ્વાગત સન્માન કરેલ ત્યારબાદ મંત્રીશ્રી હરીશભાઈ ધનજી હિરાણી જનરલ સભાની મિનિટ નોંધ તથા ગત વર્ષનો મંદિરનો અહેવાલ વાંચી સંભળાવેલ અને તમામ સભાજનોએ માન્ય રાખેલ.

ત્યારબાદ યુવક મંડળે મંદિરની પ્રવૃતિઓ અંગે માહિતી આપી. બાલકૃષ્ણ નર્સરી સંચાલકે નર્સરીની વર્તમાન પ્રવૃતિઓ અંગે માહિતી આપી.

ગત વર્ષના મંદિરનો આવક-જાવકનો હિસાબ મંદિરના ખજાનચીની ટીમે વાંચી સંભળાવેલ અને સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ અને કાર્યવાહી કમિટીનું વિસર્જન કરવામાં આવેલ.

ત્યારબાદ આગામી ત્રણ વર્ષ માટે મંદિરની સેવા નવી કાર્યવાહી કમિટીની નિર્માણ કરવામાં આવેલ તે આ પ્રમાણે છે.

પ્રમુખશ્રીઃ- હરીશભાઇ ધનજી હિરાણી-અંજાર, ઉપપ્રમુખશ્રીઃ- પરબતભાઇ શિવજી કેરાઇ-માંડવી, મંત્રીશ્રીઃ- નિલેશ ભીમજી પિંડોરીયા-આ.સુખપર, ઉપમંત્રીશ્રીઃ- દિનેશ હરીશભાઇ હિરાણી-અંજાર, સહમંત્રીશ્રીઃ- ડો.રવજી ધનજી પિંડોરીયા-આ.સુખપર, ખજાનચીશ્રીઃ- ધનજી માવજી કેરાઇ-રામપર, ઉપખજાનચીશ્રીઃ- વિજય ધનજી ગામી-કેરા, સહખજાનચીશ્રીઃ- પરબત પ્રેમજી રૂડા-વેકરા, વેડિંગ હોલ મેનેજમેન્ટઃ- રામજી પ્રેમજી પટેલ(હાલાઇ)-માંડવી, આઇટી લીડઃ- હિરજી પ્રેમજી હાલાઇ-માંડવી, સુરક્ષા લીડઃ- જયંતિ લક્ષ્મણ કેરાઇ-રામપર, ફાયર સેફટી લીડઃ- સુનિલ શિવજી આશાણી-માંડવી, મેઇન્ટેનન્સ લીડઃ- મહેશ ધનજી હિરાણી-અંજાર, પ્રમોશન લીડઃ- હરેશ નારાણ વેકરીયા-માંડવી, યુવક મંડળ લીડઃ- વિનય પરબત કેરાઇ-માંડવી, યુવક મંડળ લીડઃ- જયંત પરબત હિરાણી-આ.સુખપર, સલાહકારઃ- રાજેશ હરજી કેરાઇ-અંજાર,

સભ્યોઃ- ૧.હિરજીભાઇ કાનજી ભુડિયા-વેકરા, ૨.કપિલ નારાણ કેરાઇ-આ.સુખપર, ૩.ખુશાલ પરબત વરસાણી-વેકરા, ૪.જીજ્ઞેશ પરબત હિરાણી-આ.સુખપર,

હોલ્ડિંગ ટ્રસ્ટી :- ૧.પરબતભાઇ શિવજી કેરાઇ-માંડવી, ૨.ધનજીભાઇ પ્રેમજી કાનજી-રામપર, ૩.માવજીભાઇ દેવજી કેરાઇ-રામપર, ૪.પરબત પ્રેમજી રૂડા-વેકરા, ૫.પ્રેમજીભાઇ ભીમજી મનજી-દહીંસરા.

કિચન ટીમ લી :- ૧.પ્રેમિલાબેન પરબત રૂડા-વેકરા, ૨.કાંતાબેન સુનિલ આશાણી-માંડવી, ૩.પ્રેમિલાબેન માવજી પિંડોરીયા-આ.સુખપર, ૪.કાંતાબેન ભાવેશ વરસાણી-વેકરા,

ફૂડ હાઇજીન ટીમ :- રાધાબેન હરજીભાઇ રાબડીયા-સરલી

આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહી કમિટીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ. અંતમાં નવા પ્રમુખશ્રી હરીશભાઇ ધનજી હિરાણીએ તમામ ભક્તજનોનો આભાર માન્યો અને નવા નિમાયેલા કાર્યકર્તાઓ તેમજ અન્ય ભક્તજનોને સંગઠિત રહી મંદિરની સેવા કરવાની ભલામણ કરેલ. ત્યારબાદ બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની જયઘોષ સાથે સભાનું વિસર્જન કરવામાં આવેલ.

અ - મંત્રીશ્રી નિલેશ ભીમજી પિંડોરીયા-આ.સુખપર

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## વાગડ રાપરમાં શ્રીહરિ

લેખક - સાધુ સંતસ્વરુપદાસ

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, કચ્છની ધરતી પર ભગવાન શ્રીહરિ સાત વર્ષ સુધી ફર્યા. તેમાં ભુજ, માંડવી, અંજાર, નારાયણસરોવર અને વાગડ આદિ દરેક ગામ કે પ્રાંતમાં ફરી કચ્છની ધરાને પાવન કરી હતી.

એક સમય કચ્છની ધરતીને પાવન કરતા ભગવાન શ્રીહરિ વાગડ પ્રાંતમાં પધાર્યા. વાગડનું મુખ્ય મથક રાપર. રાપર શહેરમાં વેદાંત શાસ્ત્રના મહા વિદ્વાન સામતજી સરવૈયા રહે. આંખે સુરદાસ હતા. માંડવીના ખૈયા ખત્રી જેવા જ મોટા વિદ્વાન હતા. તેમને ત્યાં ભગવાન શ્રીહરિ પધાર્યા. જય સચ્ચિદાનંદ કહીને દરવાજે ઊભા રહ્યા. સામતજી સરવૈયે કહ્યું : ''તમે કોણ છો ?'' શ્રીહરિએ કહ્યું : ''અમે તો સ્વામિનારાયણ ભગવાનના પરમહંસ છીએ'' સામતજીએ કહ્યું : ''બહુ સારું પધારો ! ઢોલિયે બિરાજો.'' શ્રીહરિએ

કહ્યું : ''અમે ઢોલિયા ઉપર બેસતા નથી, જમીન પર આસન બિછાવીને બેસીએ છીએ.'' ત્યારે સામતજીએ કહ્યું : ''પરમહંસને તો જ્યાં બેસાડીએ ત્યાં બેસવું.'' એમ કહીને શ્રીહરિના બે હાથ પકડીને ઢોલિયા ઉપર બેસાડ્યા. પછી સર્વે અંગ તથા ચરણારવિંદને જોઈને કહ્યું : ''તમે તો સ્વામિનારાયણ ભગવાન પોતે છો.''

શ્રીહરિએ કહ્યું : ''તમે આંખ્યે તો દેખતા નથી ને અમને કેમ ઓળખ્યા ?'' ત્યારે સામતજીએ કહ્યું : ''તમારાં શરીરમાં મેં હાથ ફેરવીને જોયો. ત્યારે મને ખ્યાલ આવ્યો કે મનુષ્યનું શરીર આવું ન હોય, આવું તો ઈશ્વરનું જ શરીર હોય.'' વાત સાંભળી શ્રીહરિએ કહ્યું : ''તમારી અંતઃકરણની આંખો ખુલી છે તેથી અમને ઓળખી ગયા.'' ભક્તો, ભગવાનને ઓળખવા બહારની આંખની જરૂર નથી એ માટે અંતરની આંખ ખુલી જોઈએ. પછી સામતજીએ કહ્યું : ''હે પ્રભુ ! તમારી સાથે બીજું કોણ છે ?'' શ્રીહરિએ કહ્યું : ''અમારા સેવક બ્રહ્મચારીજી છે.'' સામતજીએ બ્રહ્મચારીનો કહ્યું : ''બ્રહ્મચારીજી ! રસોઈ બનાવો.'' પછી બ્રહ્મચારીએ શ્રીહરિ માટે રસોઇ કરી અને ભાવથી જમાડયા અને પોતે પણ જમ્યા.

સામતજી સરવૈયા મોટા વેદાંતી હતી. તે વેદાંત શાસ્ત્રનો અભ્યાસ કરેલો હતો. તેથી શ્રીહરિને કહ્યું : ''તમે મારી સાથે વેદાંત શાસ્ત્રની પ્રશ્ન ચર્ચા કરો.'' શ્રીહરિએ કહ્યું : ''બહુ સારુ પ્રશ્નો પૂછો.'' પછી સામતજીએ ભગવાન શ્રીહરિને પ્રશ્નો પૂછવા લાગ્યા ને શ્રીહરિ તેના ઉત્તર કરવા લાગ્યા. તે એમ ને એમ પ્રશ્ન ચર્ચા સાત દિવસ સુધી રાત-દિવસ ચાલી. શ્રીહરિ દરરોજ સવારે ગામથી ઉગમણું નગાસર સરોવર અને આથમણું અઢસર સરોવર તેમાં સ્નાન કરવા જતા. વારંવાર તે સરોવરમાં શ્રીહરિ સ્નાન કરી પવિત્ર કરેલ છે. અને મૂળજી બ્રહ્મચારી રસોઇ કરીને નિત્ય જમાડતા. આમ સાત દિવસ સુધી ચર્ચા ચાલી ને અંતે વેદાંતી સામતજીનો પરાજય કર્યો. અને સત્સંગી બનાવ્યા.

પછી શ્રીહરિ સરવૈયા સામતજીને કહ્યું : ''સામતજી ! કાલે અમારે નીકળવું છે. ને આધોઇ ગામમાં જાવું છે.'' સામતજીએ કહ્યું : ''મહારાજ ! પાંચ દિવસ અહીં રહોને પછી નીકળજો.'' શ્રીહરિએ કહ્યું : ''સામતજી ! અમારે નીકળવું જ છે માટે કાલ સવારમાં વહેલા નીકળી જશું.'' સામતજીએ કહ્યું : ''પૂછ્યા વિના જાશો તો મારા ઘોડે સવાર જે માણસો છે, તેમને ચોકીદાર તરીકે રાખીશ તો તમે કેમ કરીને અહીંથી નીકળી શકશો.?'' ત્યારે શ્રીહરિએ કહ્યું : ''સારું તો નહિ જઈએ.''

પછી રાતે સર્વે ઊંઘી ગયા. વહેલી સવારે બધા સૂતા હતા ત્યારે શ્રીહરિ એકલા જ ઊઠીને ચાલી નીકળ્યા. સવાર પડી સામતજી જાગ્યા ને બ્રહ્માચારીને પૂછ્યું : ''મહારાજ હજુ કેમ જાગ્યા નથી ?'' બ્રહ્મચારીએ કહ્યું : ''મહારાજ તો વહેલા ઊઠીને નીકળી ગયા છે. વાત સાંભળી સામતજીએ તત્કાળ ઘોડે સવારને કહ્યું : ''જાવ, એ સ્વામિનારાયણને તેડી લાવો. અને એમ કહેજો જે, હે મહારાજ ! પાછા રાપર પધારો ને પાંચ દિવસ રહીને પછી ઘોડી બેસીને આધોઇ પધારજો, અમે જાતે તમને ત્યાં પહોંચાડવા આવીશું.'' ઘોડે સવાર સિપાઈઓ પાંચ-પાંચ ગાઉ સુધી ફરીને પાછા આવ્યા. અને આવીને સામતજીને કહ્યું : ''જે પાંચ ગાઉ સુધી ગયા પણ મહારાજને તો અમે કયાંય દેખ્યા જ નહી.'' સામતજીએ વિચાર્યું જેવી મહારાજની મરજી. શ્રીહરિ ત્યાંથી આધોઇ ગામ ગયા.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાન માળા :-

૧. કેવું જળ તથા દૂધ તે પીવું નહિ ?

(અ) ફિલટર (બ) સરોવર-ડેરી

(ક) ગાળ્યા વિના (ડ) કોઈકે આપેલું

૨. જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે વડે શું ક્રિયા ન કરીએ ?

(અ) પૂજાદિક (બ) સ્નાનાદિક

(ક) ભોજનાદિક (ડ) સફાઈ

૩. કેવું ઔષધ કયારેય ખાવું નહિ ?

(અ) દારુ-માંસ (બ) તુલસી-ફુદીનો

(ક) હળદર-હરડ (ડ) આદુ-અંજીર

૪. જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, વાવેલું ખેતર, ફુલવાડી બગીચા આદિક સ્થાનકને વિષે શું ન કરવું ?

(અ) શયનઆદિ (બ) પિતૃતર્પણ

(ક) સ્નાનાદિક (ડ) મળમૂત્ર-થુંકવું

૫. કેવા માર્ગે પેસવું નહિ અને નીસરવું નહિ ?

(અ) ગુપ્ત (બ) જંગલ (ક) ચોર (ક) પર્વત

૬. જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના શું ન કરવું ?

(અ) લગ્ન (બ) ઉતારો

(ક) કથા (ડ) ભોજન

૭. પુરૂષ માત્ર તેમણે બાઈ માણસના મુખ થકી શું ન સાંભળવું ?

(અ) જ્ઞાનવાર્તા (બ) લોકવાર્તા

(ક) કિર્તન-ભજન (ડ) ગ્રામ્યવાર્તા

૮. સ્ત્રીઓ, રાજા તથા રાજાના માણસ સંગાથે શું ન કરવું ?

(અ) ભક્તિ (બ) ઝગડા

(ક) કથા-વાર્તા (ડ) વિવાદ

૯. ગુરુ, શ્રેષ્ઠ, પ્રતિષ્ઠિત, વિદ્વાન અને શસ્ત્રધારી મનુષ્યનું શું ન કરવું ?

(અ) સ્વાગત (બ) સમાગમ

(ક) અપમાન (ડ) પ્રણામ

૧૦. ચોર માર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું એ શ્લોક શિક્ષાપત્રીમાં કેટલામો છે ?

(અ) ૩૪ (બ) ૩૫ (ક) ૨૮ (ડ) ૩૩

## -: શબ્દરચના :-

નીચે આપેલ શિક્ષાપત્રીના આદેશ વાક્યોમાં ખૂટતા અક્ષરો મુકી વાક્ય પૂર્ણ કરો અને આદેશને જીવનમાં ઉતારો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | સ | | ખા | | | | |
| ૨ | દા | | ન | | વો | | | |
| ૩ | | ચ | | લે | | | | |
| ૪ | | રી | | ક | | વી | | |
| ૫ | ગા | | ન | | લ | | | |
| ૬ | | દા | | ક | | વી | | |
| ૭ | | ગા | | ન | | | વો | |
| ૮ | વ | | ણ | | ક | ર | | |
| ૯ | વ્ય | | | ન | | | વું | |
| ૧૦ | | ભિ | | ર | | ક | | |
| ૧૧ | આ | | ઘા | | ન | | ક | વો |
| ૧૨ | | પ | | ન | | ક | | વું |

## -: સદા હસતા રહો :-

ડોક્ટર : 'હું તમને જે ઈન્જેક્શન લખી આપું છું, તે લઈ લેજો.'

દર્દી (થોડા દિવસ પછી) : 'સાહેબ, હજી દર્દ ઓછું નથી થતું.'

ડોક્ટર : 'મેં લખી આપેલા ઈન્જેક્શનો તમે લીધા હતા?'

દર્દી : 'હા, સાહેબ, તે જ દિવસે લઈ લીધા હતા, જુઓ આ રહ્યા ખિસ્સામાં.'

મહેશભાઈ : 'આ પેટ્રોલના ભાવ તો ખૂબ વધે છે.'

પકંજભાઈ : 'આપણને તો કાંઈ ચિંતા જ નહીં.'

મહેશભાઈ : 'કેમ ?'

પકંજભાઈ : 'આપણે તો હજી ૧૦૦ રૂપિયાનું જ પેટ્રોલ ભરાવીએ છીએ.'

શિક્ષક : 'એય કુશલ, તું કેમ રોજ મોડો આવે છે ?'

કુશલ : 'સાહેબ, એમાં મારો વાંક નથી. હું તો શાળાએ પહોંચું એ પહેલાં જ પટાવાળો ઘંટ વગાડી નાખે છે.'

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- ચંદુભાઈ કાનજીભાઈ સાંખલા, ચંપાબેન ચંદુલાલ ચારધામની યાત્રા કરી આવ્યા તે નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - રવાપર

૫૦૦- પૂર્વી અલ્કેશ ખેતાણી તા.૯/૬ ના જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કોડકી

૨૫૧- રામજી વાલજી જેશાણી, અ.નિ.ધ.પ. માનબાઈ, શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૫૦૦- મનજી સામજી વોરા માધાપર નવાવાસ શ્રીસ્વામિનારાયણ મંદિર ૧૨૭ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે હસ્તે બાબુભાઈ - માધાપર-નવાવાસ

૫૦૦- પ્રેમવતી વાસ્તુ હસ્તે રાજેશભાઈ નીસર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મુંબઈ


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

### શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણ સરોવર
### કચ્છ મધ્યે
# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

**રવિવાર, તા. ૧૦-૦૮-૨૦૨૫ થી ગુરુવાર તા.૧૪-૮-૨૦૨૫**

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવર-કચ્છના નિર્માણમાં જુદી-જુદી સેવા કરનાર દેશ-વિદેશના યજમાનશ્રીઓ, દાતાશ્રીઓ તથા હરિભક્તોને મહોત્સવ દરમ્યાન સ્થાનિકે રોકાણ કરવાની ઈચ્છા હોય તેઓએ મહોત્સવ અગાઉથી નીચે આપેલ સંતોના મોબાઈલ નંબર પર જાણ કરવા વિનંતી જેથી ઉતારાનું યોગ્ય આયોજન થઈ શકે.

**કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી**
મો. નં. : ૯૮૨૫૩ ૪૧૦૪૧

**સ્વામી કૃષ્ણવિહારીદાસજી**
મો. નં. : ૯૪૨૯૦ ૪૧૪૪૭

શ્રી ગણેશાય નમઃ ।।　　　શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।　　　શ્રી નરનારાયણાય નમઃ ।।

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

:: પોથીયાત્રા ::
સં. ૨૦૮૨,
ફાગણ વદ ૧૪,
બુધવાર ,
તા. ૧૮-૩-૨૦૨૬

:: કથા પ્રારંભ ::
સં. ૨૦૮૨,
ફાગણ વદ અમાસ,
ગુરુવાર, તા.
૧૯-૩-૨૦૨૬

:: કથા સમાપ્તિ ::
સં. ૨૦૮૨,
ચૈત્ર સુદ ૭,
બુધવાર,
તા. ૨૫-૩-૨૦૨૬

:: નારાયણ યજ્ઞ ::
સં. ૨૦૮૨,
ચૈત્ર સુદ ૮,
ગુરુવાર,
તા. ૨૬-૩-૨૦૨૬

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૧૯-૩-૨૦૨૬ થી તા. ૨૫-૩-૨૦૨૬ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે કુલ ૧૫૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોયતેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮x૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.**
**ફોન નં. ૭૫૬૭૬ ૦૭૦૦૦ | ૭૫૬૭૬ ૦૮૦૦૦**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

**દિનાંક ૮થી૧૦ જૂન ૨૦૨૫ દરમિયાન ત્રિદિવસીય મહાવિષ્ણુયાગ તથા ૧૦ થી ૧૪ જૂન ૨૦૨૫ દરમિયાન કચ્છ વાગડના શિવગઢ ગામે ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.**











